The Bombay Presidency

Baby and Health Week Association

Baby Week-Play



Specially Composed

BY

Mansukhram Manishanker Dwivedi, B. A., S. T. C. D.

Asstt. Master, Mahalaxmi Training College for Women

FOR

Ahmedabad Baby Week

1927

સીન પહેલો

સ્થળઃ—બાળકોનો ઓરડો

(નાની બ્હેન તેના નાનકડા ભાઈને પારણામાં રમાડે છે.)

નાની બ્હેનઃ—

"હાલા વાલા ને અણીઆળાં,
ભાઈના ઘુઘરીઆળાં પારણાં રઢિઆળાં—હાલા૦
પારણાના પોપટ વામણા,
ભાઈના બોલ લાગે સોહામણા—હાલા૦
પારણે પારણે રે મોતી,
વ્હાણું વાય ને ભાઈનાં મુખડાં રે જોતી—હાલા૦"

મોટી બ્હેનઃ—(પ્રવેશ કરીને) નાની બ્હેન શું કરે છે? આજે તો કાંઈ ગાંડીની જેમ કયારની કાંઈ ગાયા કરે છે.

નાની બ્હેનઃ—ચુપ, ચુપ, ભાઈ ઉંઘી ગયો છે તે જાગી જશે. જો તો ખરી, તે કેવો સુંદર અને વ્હાલો વ્હાલો લાગે છે. કેટલો સુંદર! મને તો ભાઈ બહુજ ગમે છે, જાણે તેની પાસેથી ખસુંજ નહિ!

મોટી બ્હેનઃ—બ્હેન, મને પણ ભાઈ બહુજ ગમે છે. તેના ગુંચળા-વાળા કાળા વાળ કેવા સુંદર છે!

નાની બ્હેનઃ—અને પોપટ જેવું તેનું નાક કેવું મજાનું છે?

મોટી બ્હેનઃ—પણ તેની આંખો તો જો. કાળી મજાની ભમરો અને તેની નીચે જાણે જાંબુડા જેવી કીકીઓ! વાહ! ભાઈ વાહ! (બચી કરે છે.)

નાની બ્હેનઃ—બા કેહેતાં હતાં કે ભાઈને તો દેવે આપણને રમવા માટે આપ્યો છે; અને આકાશની પરીઓ તેને જોવા માટે દરરોજ સવારમાં આવે છે. પણ આપણે તેમને કેમ દેખતાં નહી હઈએ? જો હું તેમને એકવાર દેખું તો પાછી જવાજ ન દઉં; અને ભાઈને ખૂબ મજાનો બનાવી દેવા તેમને કહું; ખૂબ રૂપાળો બનાવવા કહું.

મોટી બ્હેનઃ—અને હું તેને ખૂબ જોરાવર બનાવવા કહું.

બન્ને બ્હેનોઃ—(ગાય છે)

"હાલ કરો ને હુલ કરો,
ભાઈની ટોપીઓ ફરતાં ફૂલ ભરો.—હાલા૦
ભાઈને તો કોઈ તેડે,
તેને લાડવા બાંધું રે છેડે.—હાલા૦
ભાઈ તો મારો ડાહ્યો,
પાટલે બેસીને રે ન્હાયો —હાલા૦
પાટલો તો ગયો છે ખસી,
ભાઈતો ઉઠયો છે હસી.- હાલા૦
હાલ વાલ ને હાંસી
દુઃખડાં ખુએ ભાઈની માસી—હાલા૦"

(એકાએક અવાજ થાય છે અને પડદા પાછળથી પ્રકાશ પડે છે અને પરી દાખલ થાય છે.)

નાની બ્હેનઃ—મોટી બ્હેન આ શું થાય છે? એકદમ આવું અજવાળું શાનું?

મોટી બ્હેનઃ—ચુપરે, ચુપરે, કોઈ પરીઓ આવે છે. આજે આપણે તેને જવા નહિ દઈએ. જો તે ભાઈની પાસે આવતી જણાય છે.

પરીઃ—(પ્રવેશ કરીને) બ્હેનો, તમે શું કરો છો?

નાની બ્હેનઃ—અમે અમારા ભાઈને રમાડીએ છીએ. તમે કોણ છો? શા માટે આવ્યાં છો?

પરીઃ—હું આકાશની પરી છું. મારૂં નામ પ્રકાશ છે; અને તમારા ભાઈને રમાડવા આવી છું.

નાની બ્હેનઃ—મારી બા કહેતાં હતાં તેજ તમે. હવે તો હું તમને જવા દેવાનીજ નહિ.

પરીઃ—મારી બીજી બ્હેન છે તેને આવવા દો તોજ હું તો રહું. તેના વિના મને તો ગમે નહિ, અમે બન્ને તમારા ભાઈને ખૂબ રમાડીશું; અને સાજો નરવો રાખીશું.

મોટી બ્હેનઃ—તે તમારી બ્હેન કોણ?

પરીઃ—આ સામે આવે તે—હવા.

(હવા પ્રવેશ કરે છે.)

બન્ને બ્હેનોઃ—આવો પરી બ્હેન—હવા બ્હેન આવો. અમારા ભાઈને ખૂબ જોરાવર અને રૂપાળો બનાવો.

હવાઃ—બ્હેનો, તમારો ભાઈ અમને બહુ ગમે છે. અમે તેને રમાડવા દરરોજ આવીએ છીએ; પણ તમારી બારાઓ બંધ હોવાથી અમે ઘરમાં આવી શકતાં નથી. હવે બારીઓ ઉઘાડી રાખશો તો દરરોજ આવીશું અને ઘડીએ તમારે ત્યાંથી જશું નહિ.

મોટી બ્હેનઃ—અમારા ઘરને તો ખૂબ બારીઓ છે પણ ભાઈને ટાઢ વાય તેથી તેમને બંધ રાખતાં હતાં. હવે તો તેમને ખુલ્લીજ રાખવાના.

(એકાએક બીજો આવાજ થાય છે, સ્વચ્છતા દાખલ થાય છે.)

સ્વચ્છતાઃ—બ્હેનો—પ્રકાશ અને હવા મારી સગી બ્હેનો છે મારે માટે પણ તમારા ઘરમાં વ્યવસ્થા કરશો તો હું તમને બહુ ઉપયોગી થઈશ. હવા મને ઘરમાં દાખલ કરે છે, પ્રકાશ મને મારૂં કામ બતાવે છે અને સાવરણી તથા સાબુ મારાં હથિયાર છે. અમે સઘળાં એકઠાં મળીને તમને અને તમારા ભાઈને તંદુરસ્ત અને રૂપાળા બનાવીશું અને દરેક રીતે સુખી કરીશું.

મોટી બ્હેનઃ—નાની બ્હેન, જો તો ખરી. ભાઈ કેવો દીપે છે! તેના ચેહરાપરની લાલી વધતી જણાય છે અને શરીરના દરેક ભાગમાંથી આરોગ્ય નીતરતું જણાય છે.

નાની બ્હેનઃ—એમ થવુંજ જોઈએ. આવી આવી પરીઓ ભાઈને રમાડે ત્યાં બીજું શું હોય?

(ખોરાક પ્રવેશ કરે છે)

(એક ટોપલીમાં કોબીજ-મૂળા, સૂરણ વગેરે શાક ભર્યાં છે તથા બીજી ટોપલીમાં વટાણા-તુવેર દાળ-મગ-ચણા વગેરે લાવે છે)

ખોરાકઃ—(પરીઓને). બ્હેનો, આજનો તમારો સમારંભ જોઈ મને આનંદ થાય છે. મનુષ્યનું કલ્યાણ સાધવા પરમેશ્વરના દૂત તરીકે તમે જે કામ કરો રહ્યાં છો તેમાં મને પણ અવકાશ આપશો તો હું પણ મારાથી બનતું કરીશ.

સ્વચ્છતાઃ—તમે કોણ છો? અને અમને શી રીતે મદદ કરશો?

ખોરાકઃ—મારૂં નામ ખોરાક છે મારાં અવયવો આ શાકભાજી, અનાજ તથા તૈલી પદાર્થોથી બનેલાં છે અને તેમની મદદથી હું દુનીઆને જીવનતત્ત્વ તથા પોષણ આપી શકું છું; પણ બ્હેન, તમારી સાથે મને રાખશો તો તો હું ઘણુંજ કરી શકીશ—મનુષ્યો મારો ઉપયોગ વિચારપૂર્વક કરતાં નથી. મારૂં અપમાન કરે છે અને મારાં અંગોમાં રહેલા ક્ષારો, મેંદો, ચિકટ પદાર્થો અને પોષક તત્ત્વોનો વિચારપૂર્વક ઉપયોગ કરતા નથી અને તેથી મને દુઃખી કરે છે અને પોતે હેરાન થાય છે. બ્હેનો, તમારા વિના મને મુદ્દલ ગમતું નથી. મને અંધારા ઓરડામાં રાખવાથી હું ગુંગળાઈ મરૂં છું. માટે હવેથી આપણે ચારે હંમેશના જીવનમિત્રો થઈશું અને એક બીજાને મદદ કરીશું.

(પડદા પાછળ અવાજ થાય છે)

(પરીઓ આમતેમ જુવે છે અને ત્રણ જણાં દાખલ થાય છે.)

(વૈદ–હકીમ–ડૉકટર–દાખલ થાય છે.)

સ્વચ્છતાઃ—કેમ; તમે કોણ છો ? કોનું કામ છે ?

ડૉકટરઃ—બ્હેન, બ્હેન, હું અંગ્રેજી અને અમેરિકન દવાઓ આપી માંદાને સાજા કરૂં છું. આ ભાઈ વૈદ છે. તે દેશી દવાઓથી દરદીને આરામ આપે છે. અને આ ભાઈ હકીમ છે. તેઓ યુનાની દવાઓથી દેશસેવા કરે છે.

સ્વચ્છતાઃ—તમારે અહીં કેમ આવવું થયું ?

ડૉકટરઃ—જે કામ માટે તમે આવ્યાં છો તેવાજ કામ માટે અમે આવ્યાં છીએ. તમે આ ઘરનાં માણસો ઉપર આશીર્વાદ વરસાવો છો તે મુજબ અમે પણ તેઓ માંદા થશે તો સાજાં કરશું

સ્વચ્છતાઃ—અમે જ્યાં હોઈએ ત્યાં કોઈ માંદુ પડતું નથી તેથી તમારી જરૂર આ ઘરમાં રહેશે નહિ.

વૈદ્યઃ—તો અમે ક્યાં જઈએ ? અમારે માટે સેવાનું ક્ષેત્ર ક્યાં ? આયુર્વેદનો અભ્યાસ કર્યો તેનો ઉપયોગ શો ?

હકીમઃ—મેં તો જુનામાં જુની કિતાબો મોઢે કરી છે. મારે કોની સેવા કરવી ?

ડૉકટરઃ—મારા જેવા કુશળ માણસો આ વખતમાં બહુજ છે. તેઓ સઘળા શું કરશે ?

સ્વચ્છતાઃ—હા. તમારી અમને દયા આવે છે. પણ છેલ્લા પાંચ વર્ષથી ના. વાઈસરૉય સાહેબની આગેવાની અને આશ્રય નીચે હિંદના લોકો બાળ-સપ્તાહ ઉજવે છે તેથી અમારા તરફ લોકોનો પ્રેમ વધતો જાય છે. તેથી અમારી તમને તાકીદ છે કે જ્યાં અમે હોઈએ ત્યાં તમારે ન આવવું. જે લોકો અમને સંભાળતા ન હોય અથવા અમારે માટે પોતાના દ્વાર બંધ રાખતા હોય તેમને ત્યાં તમારી સહાનુભૂતિ અને સેવા-ભાવના દર્શાવવી, તથા તમારી વિદ્યાનો ઉપયોગ ખુશીથી કરવો અને લોકોને અમારી ઉપયોગિતા દર્શાવી અમારા કામમાં મદદ કરવી. બસ, તમને અમારા રામ રામ. ફરી કોઈ વખત અમારો વાસ હોય ત્યાં આવવા તસદી ન લેતા.

(ડૉકટર-વૈદ-હકીમ દીલગીર ચહેરે જાય છે.)

નાની બ્હેનઃ—મોટી બ્હેન, આ પરીઓએ આવા સારા ગૃહસ્થોનું અપમાન કર્યું તે સારૂં ન થયું. ડૉકટરસાહેબ બાપાજીને દરરોજ દવા આપવા આવે છે અને માજી તો એઓ ન હોત તો સાજાં થાતજ નહિ.

મોટી બ્હેનઃ—હા હું પણ એમજ માનું છું. પણ આકાશની દેવી-ઓએ જે કર્યું તે સારૂંજ હશે.

સ્વચ્છતાઃ—મેં તેમને રજા આપી, અત્રે આવવા ના કહી છે પણ તેમને નવું કામ સોંપ્યું છે. એમાં આવા હોશિયાર ડૉકટરો ઘણું કરી શકશે. લોકોને મંદવાડ વખતે દવા આપવા જાય તેના કરતાં તેમને માંદા થતા અટકાવે એ ઘણું મહત્વનું કાર્ય ગણાય. તમારી ઇચ્છા હોય તો ચાલો તેમની પાછળ જઈએ અને હવે તેઓ શું કરે છે તે જોઈએ.

પ્રકાશ-હવા-ખોરાકઃ –(સૌ) હા, ચાલો જઈએ.

(સૌ જાય છે.)

[પડદો પડે છે અને બીજો સીન આવે છે.]

સીન બીજો

એક જુના જમાનાનું કુટુંબ.

(કમળા બ્હેન પોતાના માંદા કીકાને પવન નાખે છે ત્યાં જમના બ્હેન તેમને મળવા આવે છે.)

જમના બ્હેનઃ—કેમ કમળા બ્હેન, આજે કીકાને કેમ છે? મારા પાડોશમાં હુમણાંજ એક વલાતમાં પાસ થએલા દાકતર આવ્યા છે. તેમને હું કેતી આવી છું કે તમારા કીકાને જોવા આવે અને કાંક દવા આપે. આજ કાલ એ એટલા બધા વખણાય છે કે હજારો લોકોની ભીડ તેમને ત્યાંથી મટતીજ નથી. તેઓ હુમણાંજ જોવા આવશે. એમને ઘેર તો ટંકશાળ પડે છે.

કમળા બ્હેનઃ—બ્હેન, કીકાને કાંઈ ફાયદો થતો નથી. નાતમાં જમવા ગઈ તેથી એને કોકની નજર લાગી છે. ને તે તો સારો થતોજ નથી. તમે આવ્યાં તે સારૂં થયું. આજ તો તેની નજર બાંધવાનો વચાર કરૂં છું. સખત નજર પડી છે તેમાં દાકતર બચારો શું કરે. ઘેર આવવાના તે કેટલા પૈસા લે છે?

જમના બ્હેનઃ—ઘેર આવવાના રૂા. ૫ લે છે. ગાડીભાડાના રૂા. ૨ જુદા અને દવાના પૈસા તો આઠ બાર આના લે તે ખરા.

કમળા બ્હેનઃ—જા બા. મારે એમનું કામ નથી. અમે ગરીબ માણસો આટલા બધા પૈસા કયાંથી લાવીએ. કીકાનો બાપ આખો દહાડો મીલમાં વૈતરૂં કરે ત્યારે સાંજે આઠ આના ભાળે છે ત્યાં દાકતરને આટલું બધું કયાંથી આપીએ! નજર બાંધીશું એટલે સારૂં થઈ જશે. આ થાળી અને વાટકો લાવી છું અને તમે આવ્યાં ત્યારે નજર બાંધતા જાઓ.

(નજર બાંધે છે.)

જમના બ્હેનઃ—આહા હા! બહુ નજર લાગી છે. વાટકો ઉખડતોય નથી (ડાકટર પ્રવેશ કરે છે.)

ડાકટરઃ—જમના બ્હેન અહીંજ આવવાનું હતું ને? કીકાને શું વરતાય છે. લાવો જોઈએ. (થરમોમિટર–સ્ટેથોસ્કોપથી તપાસે છે.) સારૂં છે. મટી જશે એને ફકત આરામની જરૂર છે. ઘરનાં બારીબારણાં ઉઘાડી નાખો. હવા અજવાળું આવવા દો. અને ફકત દૂધ, ભાત, ખીચડી, નારંગી તથા મોસંબીનો રસ ખાવામાં આપશો. તમે લોકો

ખાવાપીવામાં કાળજી ન રાખો અને હવા અજવાળું બંધ કરો છો તેથી આવું થાય છે. સંભાળ રાખી હોત તો કાંઈ ન થાત. હવેથી ચોખ્ખી હવા, સાદો ખોરાક, પ્રકાશ અને સ્વચ્છતા રાખશો એટલે દવાની જરૂર નહિ પડે. આ વખત દવા મોકલું છું.

જમના બ્હેનઃ—સાહેબ, આપને શું આપવાનું છે?

ડૉકટરઃ—તમે કહેતાં હતાં તે ઉપરથી જણાય છે કે આ કુટુંબ ગરીબ છે તેથી તેમની પાસેથી મારે કાંઈ લેવાનું નથી. દવા મારા ધર્માદા હોસ્પીટલમાંથી મોકલું છું. (ડાકટરની પાછળજ છુપી રીતે પરીઓ, નાની બ્હેન વગેરે પ્રવેશ કરે છે તથા ઉપરની હકીકત સાંભળે છે.)

મોટી બ્હેનઃ—નાની બ્હેન, જો આપણી પરીઓની વાતની આ લોકોને સારી અસર થઇ છે. હવે તેઓ માંદાની માવજત કરવાના કરતાં તેમને માંદા ન પડે તેવો બોધ આપે છે, અને માંદા પડે તો પરીઓની મદદથી જલદીથી સાજા કરવામાં રોકાય છે. તેમની ધર્માદા તરફની વૃત્તિ પણ કેળવાતી જાય છે.

હવાઃ—આજનું આપણું કાર્ય જોઇ મને બહુ આનંદ થયો છે. લોક-સુખાકારીના કાર્યમાં આપણો સૌનો હિસ્સો આપણે આપી ચૂક્યા છીએ. હવે લોકો પોતાનો સ્વાર્થ બરાબર જોઈ શકશે, અને દુનીઆમાં પરમ દયાળુ પરમાત્માએ પરમ સુખનો આસ્વાદ લેવા જીવનનું નિર્માણ કર્યું છે તેનો યોગ્ય અનુભવ તેઓ લેશે. આ મંગળ પ્રસંગે બીજું તો શું, પણ કૃપાળુ પરમાત્માની સ્તુતિ કરવી આવશ્યક જણાય છેઃ—

રાગ ભૈરવી—તીન તાલ

"હે જગ ત્રાતા, વિશ્વ વિધાતા,
હે સુખ શાન્તિ નિકેતન હે!
પ્રેમ કે સિંધો, દીન કે બંધો,
દુઃખ દરિદ્ર વિનાશન હે!!
નિત્ય, અખંડ, અનંત અનાદિ,
પૂરણ બ્રહ્મ, સનાતન હે!!!
જગ આશ્રય, જગપતિ, જગવંદન,
અનુપમ, અલખ, નિરંજન હે!!!!
પ્રાણસખા, ત્રિભુવન પ્રતિપાલક,
જીવન કે અવલંબન હે!!!!!"

Printed by G. K. Gokhale, Secretary Shri Ganesh
Printing Works, 495-496 Shanwar Peth, Poona City.

Printed by—G. K. Gokhale, Secretary 'Shri Ganesh Printing Works,' 495-496 Shanwar Peth, Poona No. 2.

Published by :—**Mansukhram Manishankar Dwivedi** for the Bombay Presidency Baby and Health Week Association Sandhurst Road, Girgaon, Bombay.